ટીમ	મેચ	જીત	હાર	રદ	પોઇન્ટ	નેટ રન
PBKS	5	4	0	1	9	1.067
RCB	5	4	1	0	8	1.503
RR	5	4	1	0	8	0.889
SRH	5	2	3	0	4	0.576
DC	4	2	2	0	4	0.322
GT	4	2	2	0	4	-0.029
LSG	5	2	3	0	4	-0.804
CSK	5	2	3	0	4	-0.846
MI	5	1	4	0	2	-1.076
KKR	5	0	4	1	1	-1.383

દિલ્હી કેપિટલ્સ સામે આજે RCB વર્ચસ્વ જાળવી રાખવાનો પ્રયાસ કરશે

અત્યાર સુધી સારું પ્રદર્શન કરનારી RCB સંઘર્ષરત દિલ્હી કેપિટલ્સ સામે વિસ્ફોટક છાપ જાળવવા માગશે

બપોરે 3.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

બેંગલુરુ, તા. 17 (પીટીઆઈ) : આઈપીએલની વર્તમાન સીઝનમાં રમતના દરેક વિભાગમાં સારું પ્રદર્શન કરનારી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) આવતીકાલે શનિવારે ડબલ હેડરની પહેલી મેચમાં બપોરે 3.30 વાગ્યે શરૂ થનારી મેચમાં દિલ્હી કેપિટલ્સ સામે મેદાને ઉતરશે ત્યારે તેઓ પોતાનું વિજય અભિયાન જાળવી રાખવાનો પ્રયાસ કરશે.

આરસીબીની ટીમના ધ્યાનાકર્ષક દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી અત્યાર સુધી તેના ચાહકોને નિરાશ કર્યા નથી. તે ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવીને ઓરેન્જ કેપ ધરાવે છે. પરંતુ કોહલી એ પણ સ્વીકારશે કે ટીમની બેટિંગ હવે સંપૂર્ણપણે તેના પર નિર્ભર નથી. કેપ્ટન રજત પાટીદાર, દેવદત્ત પડિકલ, ફિલ સોલ્ટ અને ટિમ ડેવિડે આ સિઝનમાં પોતાની વિસ્ફોટક બેટિંગથી ખાસ છાપ છોડી છે અને તેઓ દિલ્હી સામે પણ આ છાપ ચાલુ રાખવા માંગશે.

પાટીદારે પાંચ મેચમાં 21 છગ્ગા ફટકારીને છગ્ગા ફટકારીને પોતાની કુશળતા દર્શાવી છે. અન્ય બેટ્સમેનોના ઉત્તમ પ્રદર્શનથી કોહલીને તેની નૈસર્ગિક રમત રમવાની તક મળી છે.

તેનાથી વિપરીત, દિલ્હીના બેટ્સમેન અત્યાર સુધી સંઘર્ષ કરી રહ્યા છે અને સામૂહિક રીતે પ્રદર્શન કરી શક્યા નથી. દિલ્હી પાસે કેએલ રાહુલ, પથુમ નિસાન્કા, ટ્રિસ્ટન સ્ટબ્સ, ડેવિડ મિલર અને નીતિશ રાણા જેવા અનુભવી બેટ્સમેન છે, પરંતુ તેમાંથી કોઈ પણ અત્યાર સુધી સાતત્યપૂર્ણ પ્રદર્શન કરી શક્યું નથી.

ગ્રીનની ઈનિંગથી KKRએ ગુજરાત ટાઈટન્સની સામે 181 રનનો લક્ષ્યાંક મૂક્યો

ગ્રીન સિવાય અન્ય કોઇ બેટ્સમેન ક્રિઝ પર ટકીને ન રમી શકતા કેકેઆર 180 રનમાં ઓલઆઉટ થયું

કેમરન ગ્રીને સિઝનની પહેલી અર્ધસદી કરી 55 બોલમાં 79 રનની ઇનિંગ રમીને છેલ્લા બોલે આઉટ થયો

અમદાવાદ, તા. 17 : આઈપીએલમાં આજે અહીં રમાયેલી એક મેચમાં મોંઘા ભાવે ખરીદાયેલા ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર કેમરન ગ્રીને આખરે એક જોરદાર ઈનિંગ રમતા 55 બોલમાં 79 રન બનાવીને કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ને 180 રન સુધી પહોંચાડ્યું હતું જેના પરિણામે ગુજરાત ટાઇટન્સને પોતાના હોમ ગ્રાઉન્ડ પર 181 રનનો લક્ષ્યાંક મળ્યો હતો.

ટોસ જીતીને પ્રથમ દાવ લેવાનો નિર્ણય કરનારા કેકેઆરની શરૂઆત સારી રહી નહોતી અને કેપ્ટન આજિંક્ય રહાણે ગોલ્ડન ડક પર આઉટ થયો હતો. તે પછી પ્રથમ ચાર ઓવરમાં 32 રનમાં તેમણે ટોપ ઓર્ડરની ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. રોવમેન પોવેલ અને ગ્રીને મળીને તે પછી 55 રનની ભાગીદારી કરી હતી. પોવેલ 27 રન કરીને આઉટ થયો હતો. ગ્રીને તે પછી પણ પોતાની ફટકાબાજી ચાલુ રાખીને ચાલુ સિઝનની પોતાની પહેલી અર્ધસદી ફટકારી હતી, જો કે તેણે અર્ધસદી પુરી કર્યા પછી તેની પાસે સ્ટ્રાઇક ઘણી ઓછી આવી હતી અને સેટ બેટ્સમેનને સ્ટ્રાઇક આપવાને બદલે જે નવો બેટ્સમેન આવે તે પોતે ખોટા ફટકા મારીને આઉટ થતા રહેતા એક તબક્કે જે સ્કોર 200 પાર જતો જણાયો હતો તે 180 રન સુધિ સિમિત રહ્યો હતો. ગ્રીન તેમના ક્વોટાની 20મી ઓવરના છેલ્લા બોલે અંતિમ વિકેટના રૂપમાં આઉટ થયો હતો. તેણે પોતાની ઈનિંગમાં સાત ચોગ્ગા અને ચાર છગ્ગા ફટકાર્યા હતા. તે સિવાય રમનદીપ સિંહે 17 રન કર્યા હતા, આ ત્રણ સિવાય અન્ય કોઇ બેટ્સમેન બે આંકડે પહોંચી શક્યો નહોતો. ગુજરાત ટાઇટન્સ વતી કગિસો રબાડાએ ત્રણ મહંમદ સિરાજ અને અશોક શર્માએ 2-2 તેમજ પ્રસિદ્ધ કૃષ્ણા અને રાશિદ ખાને 1-1 વિકેટ ખેરવી હતી.

કોલકાતા નાઇટ રાઇડર્સ	રન	બોલ	4	6
સૈફર્ટ કો.ફિલિપ્સ બો.રબાડા	19	14	2	1
રહાણે કો.રબાડા બો.સિરાજ	0	1	0	0
રઘુવંશી કો.બટલર બો.રબાડા	8	4	2	0
ગ્રીન કો.બટલર બો.રાશિદ	79	55	7	4
પોવેલ કો.સિરાજ બો.અશોક	27	20	2	2
રોય કો.બટલર બો.પ્રસિદ્ધ	9	7	1	0
રિન્કુ કો.બટલર બો.રબાડા	1	2	0	0
રમનદીપ કો.સિરાજ બો.અશોક	17	8	2	1
નરીન કો ફિલિપ્સ બો.સિરાજ	0	5	0	0
કાર્તિક રનઆઉટ	6	4	0	1
યૈભવ નોટઆઉટ	0	1	0	0
વધારાના	14			
કુલ (20 ઓવરમાં ઓલઆઉટ)	180			

વિકેટપતન : 1/5, 2/21, 3/32, 4/87, 5/147, 6/148, 7/165, 8/166, 9/173, 10/180

બોલિંગ	O	M	R	W
મહંમદ સિરાજ	4	0	23	2
કગિસો રબાડા	4	0	29	3
પ્રસિદ્ધ કૃષ્ણા	4	0	32	1
અશોક શર્મા	4	0	45	2
રાશિદ ખાન	4	0	44	1

SRH અને CSK આજે પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માગશે

રાજસ્થાન સામે જોરદાર ડેબ્યુ કરનારા પ્રફુલ હિંગે અને સાકિબ હુસેન સીએસકે સામે પ્રદર્શન દોહરાવવા માગશે

સાંજે 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

હૈદરાબાદ, તા. 17 (પીટીઆઈ) : આઈપીએલમાં આવતીકાલે શનિવારે ડબલ હેડરની બીજી મેચમાં સાંજે 7.30 વાગ્યે રમાનારી મેચમાં સંતુલિત દેખાતી સનરાઈઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) સામેની મેચમાં નવા આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરશે ત્યારે આ બંને ટીમ મેચ જીતીને પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા પર નજર રાખશે.

અનુભવી બોલરો હર્ષલ પટેલ અને જયદેવ ઉનડકટની જગ્યાએ બેઠેલી આશાસ્પદ ઝડપી બોલર પ્રફુલ હિંગે અને શાકિબ હુસૈને પોતાની પહેલી મેચમાં જ શાનદાર પ્રદર્શન કરી રાજસ્થાન રોયલ્સની બેટિંગ લાઈનઅપને ધમરોળી હતી. વિદર્ભના 24 વર્ષીય ઝડપી બોલર હિંગેએ શરૂઆતમાં વૈભવ સૂર્યવંશી, ધ્રુવ જુરેલ અને લુઆન-ડ્રે પ્રિટોરિયસ જેવા બેટ્સમેનોને આઉટ કર્યા, અને ચાર ઓવરમાં ૩૪ રન આપીને ચાર વિકેટ લીધી. જ્યારે બિહારના 21 વર્ષીય હુસૈને પણ શાનદાર ડેબ્યૂ કરીને મધ્ય ઓવરોમાં પોતાની વૈવિધ્યસભર બોલિંગથી પ્રભાવિત કરી ચાર વિકેટ લીધી. આ બે યુવા બોલરોના પ્રભાવશાળી પ્રદર્શનથી સનરાઈઝર્સના પેસ આક્રમણને મજબૂત બનાવવામાં આવ્યું છે, જે અભિષેક શર્મા, ટ્રેવિસ હેડ, ઈશાન કિશન અને હેનરિક ક્લાસેન જેવા બેટ્સમેન પર ખૂબ આધાર રાખતી ટીમને વધુ સારું સંતુલન પૂરું પાડે છે.

RRના મેનેજર ભિંડરને ચેતવણી આપી BCCIએ રૂ. એક લાખનો દંડ ફટકાર્યો

RCB સામેની મેચ દરમિયાન ડગઆઉટમાં ફોનના ઉપયોગ બદલ ભીંડરના જવાબથી એસીયૂ સંતુષ્ટ નથી

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ રાજસ્થાન રોયલ્સ ટીમ મેનેજર રોમી ભીંડરને ડગઆઉટમાં ફોનનો ઉપયોગ કરીને ભ્રષ્ટાચાર વિરોધી નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ રૂ. એક લાખનો દંડ ફટકાર્યો છે અને બોર્ડની કારણદર્શક નોટિસનો સંતોષકારક જવાબ આપવામાં નિષ્ફળ રહેવા બદલ ચેતવણી જારી કરી છે એવું બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ શુક્રવારે પીટીઆઈને જણાવ્યું હતું. 10 એપ્રિલે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેની આઈપીએલ મેચ દરમિયાન આ ઉલ્લંઘન થયું હતું. ત્યારબાદ, શરદ કુમારની આગેવાની હેઠળના બીસીસીઆઈના ભ્રષ્ટાચાર વિરોધી એકમ (એસીયુ) એ ભીંડરને કારણદર્શક નોટિસ જારી કરીને સ્પષ્ટતા માંગી હતી. સૈકિયાએ કહ્યું કે એસીયુ ભીંડરના જવાબથી સંતુષ્ટ નથી અને તેને દોષિત ઠેરવ્યો છે. આઈપીએલ પ્લેયર્સ એન્ડ મેચ ઓફિસિયલ્સ એરિયા (પીએમઓએ) પ્રોટોકોલ મુજબ, ડગઆઉટમાં ફોનનો ઉપયોગ પ્રતિબંધિત છે, જ્યારે ડ્રેસિંગ રૂમમાં તેની મંજૂરી છે. તેને પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવાનો દોષી ઠેરવવામાં આવ્યો છે.

બાંગ્લાદેશ ઘરઆંગણે ન્યૂઝીલેન્ડ સામે પહેલી વન ડે હાર્યું

ઢાકા, તા. 17 : કોઈપણ ફોર્મેટમાં બાંગ્લાદેશને ઘરઆંગણે હરાવવું મુશ્કેલ હોય છે, આમ છતાં, ન્યુઝીલેન્ડે બાંગ્લાદેશ પ્રવાસની શરૂઆત જીત સાથે કરી છે. વન ડે સીરિઝની પ્રથમ મેચમાં ન્યુઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા 247 રન બનાવ્યા હતા અને તે પછી બાંગ્લાદેશનો 49મી ઓવરમાં 221 રનમાં વિંટો વાળીને મેચ 26 રનથી જીતીને ન્યુઝીલેન્ડે 1-0ની સરસાઇ મેળવી લીધી છે. ન્યૂઝીલેન્ડે પ્રથમ દાવ લેતા હેનરી નિકોલ્સ અને વિલ યંગે બીજી વિકેટ માટે 88 બોલમાં 73 રનની ભાગીદારી અને અંતિમ ઓવરોમાં ડીન ફોક્સક્રોફ્ટના આઠ ચોગ્ગા સાથેના 59 રનથી 247 રન બનાવ્યા હતા, જેની સામે બાંગ્લાદેશ લિટન દાસ અને સૈફ હસનની 93 રનની ભાગીદારી અને તોહિદ હૃદયના 60 બોલમાં 55 રન છતાં 221 રને ઓલઆઉટ થયું હતું.

વિરાટે વધુ એક ઈન્ફ્લુએન્સરનો ફોટો લાઈક કરતાં સોશિયલ મીડિયા ગાજ્યું

લોકોએ અવનીત કૌરવાળી પોસ્ટને લાઇક કરતાં કોહલીએ કરેલું બહાનું યાદ કરી રમૂજ ફેલાવી

નવી દિલ્હી, તા. 17 : ઈન્સ્ટાગ્રામ પર વધુ એક ઈન્ફ્લુએન્સરનો ફોટો લાઈક કરવાના કારણે ભારતીય ક્રિકેટ દિગ્ગજ વિરાટ કોહલી ફરી એકવાર સોશિયલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. અગાઉ ગાઉ અવનીત કૌરનો ફોટો લાઈક કરીને તેને અલ્ગોરિધમની ભુલ ગણાવનાર કોહલી આ વખતે જર્મન-દક્ષિણ આફ્રિકન ઈન્ફ્લુએન્સરના ફોટા ધરાવતી પોસ્ટને 'લાઈક' કરતાં તે એક મીમ ફેસ્ટમાં ફેરવાઈ ગઈ, જેમાં ચાહકોએ તેનું જાણીતું 'એલ્ગોરિધમ'નું બહાનું યાદ કરીને રમૂજ ફેલાવી હતી.

કોહલીએ ઈન્ફ્લુએન્સર લિઝલાઝ અને ફોટોગ્રાફર અદ્વૈત વૈદ્ય સાથેની એક જૂની પોસ્ટને લાઇક કરી હતી, તે ધ્યાન ખેંચી ગઈ કારણ કે તે ઈન્ફ્લુએન્સરને ફોલો કરતો નથી. થોડીવારમાં, સ્ક્રીનશોટ ફરવા લાગ્યા, જેનાથી એક નાની ક્રિયા વાયરલ મોમેન્ટમાં ફેરવાઈ ગઈ. એક યૂઝર્સે ઓનલાઈન મજાક કરી કે કોહલીને ઈન્સ્ટાગ્રામ પરની આ પોસ્ટ ગમી. અલ્ગોરિધમ પર બીજો ફકરો લોડ થઈ રહ્યો છે. બીજા એક યુઝરે કોહલીના ભૂતકાળના ખુલાસાને સમર્થન આપતા લખ્યું કે આ ફક્ત એક અલ્ગોરિધમ ભૂલ છે મિત્રો અને તે બધા સાથે થાય છે. ક્યારેક, હું મારા ઈન્સ્ટાગ્રામ પર એવી પોસ્ટ્સ જોઉં છું જે મને ક્યારેય ગમતી નથી.

મુંબઈની સતત ચોથી હાર બાદ હાર્દિક બોલ્યો : આકરા નિર્ણય લેવા પડશે

હાર્દિકનો સૂર્યકુમાર, બુમરાહ જેવા સિનિયર ખેલાડીઓના નબળા પ્રદર્શન તરફ આડકતરો ઈશારો

મુંબઈ, તા. 17 (પીટીઆઈ) : મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ આઈપીએલમાં સતત ચોથી હાર બાદ ખુલીને વાત કરતા કહ્યું કે હવે કેટલાક કઠિન નિર્ણયો લેવાનો સમય આવી ગયો છે અને તેમના ખેલાડીઓએ ટીમના ખરાબ પ્રદર્શનની જવાબદારી લેવી પડશે.

મુંબઈ ઈન્ડિયન્સનો પાછલી મેચમાં પંજાબ કિંગ્સ સામે સાત વિકેટથી પરાજય થયો હતો અને તે ફક્ત બે પોઈન્ટ સાથે ટેબલમાં નવમા સ્થાને છે.

હાર્દિકે મેચ પછી કહ્યું હતું કે સાચું કહું તો, મારી પાસે કહેવા માટે વધુ કંઈ નથી. આપણે બેસીને વિચારવાની જરૂર છે કે આપણે ક્યાં પાછળ છીએ. પછી ભલે તે વ્યક્તિગત ખેલાડીઓ હોય, ટીમ હોય કે આપણી રણનીતિ અને અભિગમ હોય. આપણે તેને ફરીથી સુધારવાની જરૂર છે. તેણે આડકતરી રીતે સૂર્યકુમાર યાદવ, જસપ્રીત બુમરાહ જેવા સિનિયર અને તિલક વર્માના નબળા પ્રદર્શન તરફ ઈશારો કર્યો હતો. તેણે કહ્યું હતું કે હવે આપણે જોવું પડશે કે આપણે કોઈ કઠિન નિર્ણયો લેવાની જરૂર છે કે પછી આપણે આગળ વધીને પરિસ્થિતિને બદલવાનો પ્રયાસ કરવો જોઈએ.

હાર્દિક પંડ્યાના વલણથી ટીમના સિનિયર ખેલાડીઓ નાખુશ

હાર્દિક પંડ્યાની કેપ્ટનશીપ હેઠળની મુંબઈ ઈન્ડિયન્સ IPL 2026 માં સંઘર્ષ કરી રહી છે. નિરાશાજનક પ્રદર્શનથી એવી અટકળો શરૂ થઈ છે કે ટીમમાં અણબનાવ છે અને સિનિયર ખેલાડીઓ કેપ્ટન હાર્દિક પંડ્યાથી નાખુશ છે. પંજાબ કિંગ્સ સામેની મેચમાં આની એક ઝલક જોવા મળી હતી જ્યારે હાર્દિક પંડ્યા ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ પર બરાડા પાડતો જોવા મળ્યો હતો. ઈજાને કારણે બહાર બેઠેલા રોહિત શર્મા હાર્દિકને આવું કરતા જોઈને જે રીતે માથે હાથ મૂક્યો તેનાથી લાગતું હતું કે તે કેપ્ટનના વલણથી બિલકુલ પ્રભાવિત નહોતો.

કેનેડા-ન્યુઝીલેન્ડ વચ્ચેની ટી-20 વર્લ્ડકપ મેચ ICC ACUની ચકાસણી હેઠળ

સીબીસી દ્વારા પ્રસારિત કરપ્શન, ક્રાઇમ એન્ડ ક્રિકેટ નામની દસ્તાવેજી ફિલ્મથી આરોપ સામે આવ્યા

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ) : એક અહેવાલમાં ખુલાસો થયો છે કે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી) ક્રિકેટ કેનેડા સામે તેના ભ્રષ્ટાચાર વિરોધી કોડના કથિત ઉલ્લંઘનની તપાસ કરી રહી છે, જેમાં 17 ફેબ્રુઆરીએ ચેન્નાઈમાં રમાયેલી ટી-20 વર્લ્ડકપ મેચનો પણ સમાવેશ થાય છે, જેમાં ટીમ હારી ગઈ હતી.

ચેપોક ખાતે કેનેડા આઠ વિકેટથી હારી ગયું હતું. આઈસીસીનું ભ્રષ્ટાચાર વિરોધી એકમ (એસીયૂ) તાજેતરમાં પ્રસારિત થયેલી એક દસ્તાવેજીમાં સામે આવેલા ભ્રષ્ટાચારના આરોપોની સંપૂર્ણ તપાસ કરી રહ્યું છે. કેનેડાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને 173 રન બનાવ્યા. ન્યૂઝીલેન્ડે ફક્ત 15.1 ઓવરમાં લક્ષ્ય હાંસલ કરી લીધું. અહેવાલો અનુસાર, એસીયૂ ક્રિકેટ કેનેડાને લગતા આરોપોની તપાસ કરી રહ્યું છે. આમાં ઈન્ટરનેશનલ ઘટાડો જોવા મળ્યો. 10 વર્ષના ટ્રેઝરી બોન્ડના યીલ્ડ ગુરુવારે મોડી રાત્રે 4.32 ટકા હતા જે ઘટીને 4.24 ટકા પર આવી ગયા હતા.

મુકેશ અંબાણીને...

ધનિકોમાંથી 7 અબજોપતિઓએ મોટું નુકસાન વેઠ્યું છે. ફ્રેન્ચ ઉદ્યોગપતિ બર્નાર્ડ આર્નોલ્ટને સૌથી વધુ ફટકો પડ્યો છે, જેમણે આશરે 44 બિલિયન ડોલર ગુમાવ્યા છે. આ ઉપરાંત સ્ટીવ બાલ્મર, લેરી એલિસન, બિલ ગેટ્સ અને વોરેન બફેટ જેવા દિગ્ગજોની સંપત્તિમાં પણ ઘટાડો નોંધાયો છે. આ અસ્થિર બજારમાં પણ ગૌતમ અદાણીએ પોતાની સ્થિતિ મજબૂત કરીને એશિયામાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એલન મસ્ક 656 બિલિયન ડોલર સાથે વિશ્વના ટોપ ધનિક રહ્યા છે. જેઓની સંપત્તિમાં 36.7 બિલિયન ડોલરનો વધારો થયો છે. ત્યારબાદ ગુગલના સહ સ્થાપક લેરી પેજ 286 બિલિયન ડોલરની સંપત્તિ સાથે બીજા ક્રમે રહ્યા છે.

બેવડી નાગરિકતા કેસ:...

તેથી તેણે આ અરજી ફગાવી દીધી હતી. ઉઠાવવામાં આવેલી ચિંતાઓની નોંધ લેતા હાઈકોર્ટે જણાવ્યું હતું કે આ બાબતની યોગ્ય ચકાસણી જરૂરી છે. કોર્ટે રાજ્યના અધિકારીઓને કાયદા અનુસાર આ મુદ્દાની તપાસ થાય તે સુનિશ્ચિત કરવા યોગ્ય પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો. આ કેસ રાહુલ ગાંધી પાસે બ્રિટિશ નાગરિકતા હોઈ શકે તેવા આરોપો સાથે સંબંધિત છે, જે ભારતીય કાયદા હેઠળ માન્ય નથી. આ વિવાદ યુકે સ્થિત એક કંપની સાથે જોડાયેલા દસ્તાવેજોના આધારે ઊભો થયો છે, જેમાં કથિત રીતે તેમને બ્રિટિશ નાગરિક તરીકે દર્શાવવામાં આવ્યા હતા અને સત્તાવાર ફાઈલિંગમાં લંડનનું સરનામું આપવામાં આવ્યું હતું. આ દાવાઓના આધારે, નાગરિકતા, પાસપોર્ટ અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત વિવિધ કાયદાકીય જોગવાઈઓ હેઠળ FIR નોંધવા અને વિગતવાર તપાસની માંગ કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. નીચલી MP/MLA કોર્ટે નાગરિકતાના મુદ્દાઓ નક્કી કરવાની તેની પાસે અધિકારક્ષેત્ર ન હોવાનું કહીને FIRનો આદેશ આપવાનો ઇનકાર કર્યા બાદ આ મામલો અલ્હાબાદ હાઈકોર્ટમાં પહોંચ્યો હતો.

મહિલા અનામત સુધારા...

વધારીને 850 કરવાની પણ માંગ કરવામાં આવી હતી. યોજનાના ભાગરૂપે, છેલ્લી જાહેર થયેલી વસ્તી ગણતરીના આધારે સીમાંકન કરવાનું નક્કી કરાયું હતું, જે પગલાનો વિપક્ષ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. અનેક વિપક્ષી દળોએ સંસદમાં આ સુધારાઓનો વિરોધ કર્યો અને કેન્દ્ર સરકાર પાસે તેને પાછા ખેંચવાની માંગ કરી હતી. બીજી તરફ, ભાજપે લોકસભા અને રાજ્યની વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33 ટકા બેઠકો અનામત રાખવા માટે જોરદાર ભાર મૂક્યો હતો. સરકારના પક્ષે મોરચો સંભાળતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષની ચિંતાઓને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો અને ખાતરી આપી હતી કે લોકસભાની બેઠકોના સૂચિત વિસ્તરણથી દક્ષિણના રાજ્યોને કોઈ ગેરફાયદો થશે નહીં. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગૃહમાં જણાવ્યું હતું કે જ્યારે લોકસભાની બેઠકો 543 થી વધીને લગભગ 816 થશે, ત્યારે દક્ષિણના રાજ્યોનું પ્રતિનિધિત્વ સુરક્ષિત રહેશે અને તેમાં મામૂલી વધારો પણ જોવા મળી શકે છે.

મહિલા અનામતના...

જણાવ્યું હતું કે આ નોટિફિકેશન રાત્રે લગભગ 10 વાગ્યે બહાર પાડવામાં આવ્યું હતું, જ્યારે તે પહેલા જ સુધારા બિલ રજૂ કરીને તેના પર ચર્ચા શરૂ થઈ ગઈ હતી! મહિલા અનામત બિલ 2023માં લોકસભા અને રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રપતિએ પણ મંજૂરી આપી દીધી હતી, પરંતુ તેમ છતાં આ કાયદો બંધારણનો ભાગ બન્યો નહોતો. કારણ કે કોઈ પણ કાયદો ત્યાં સુધી લાગુ ગણાતો નથી જ્યાં સુધી સરકાર ગેઝેટમાં તેને લાગુ કરવાની તારીખ સૂચિત ન કરે. હવે નોટિફિકેશન જાહેર થયા પછી કાયદો તો લાગુ થઈ ગયો છે, પરંતુ તેને હાલની લોકસભામાં લાગુ કરી શકાશે નહીં. કાયદાની વર્તમાન જોગવાઈઓ મુજબ, આગામી વસ્તી ગણતરી અને તેના આધારે મતક્ષેત્રોનું ફેરસીમાંકન કરવામાં આવશે. ત્યારબાદ જ અનામત લાગુ થશે.

સુડોકુ - 'ક્રૂટિ'

		૮	૨		૩	૪	૭	૬
૪	૨		૮	૫				૩
૩	૧	૬	૭		૯	૨		૫
૮	૩				૧	૭		
૯		૨			૭			૧
		૧			૫	૮		
૨	૮		૫		૪	૯		૭
૧	૭		૯	૩	૨	૬	૫	
૬				૭				૪

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૯	૬	૭	૩	૮	૭	૫	૧
૭	૫	૧	૯	૬	૪	૨	૩	૮
૩	૮	૭	૫	૧	૨	૯	૬	૪
૮	૬	૭	૫	૨	૯	૧	૪	૩
૯	૨	૩	૮	૪	૧	૬	૭	૫
૧	૪	૫	૬	૭	૩	૮	૯	૨
૬	૭	૨	૩	૯	૫	૪	૧	૮
૪	૩	૮	૧	૫	૭	૬	૨	૯
૫	૧	૯	૪	૮	૬	૩	૨	૭

૦૦૫૨૬-૫૬૭૭ ક્રિઝ્ડ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

મૂત્ર જનન તંત્રની તકલીફ

ધાણા, પુનરનવા, વરૂણ, પાષાણભેદ. દરેક 50g લઈ ચવકુટ - દોદરા કરી ભરી લો. રોજ રાત્રે બે ચમચી ભૂકો ચાર કપ પાણીમાં ભીંજવી દો. સવારે ધીમા તાપે ઉકાળી એક કપ થાય ત્યારે ગાળી, બે ભાગ કરી, સવારે અને સાંજે પીવો.

શબ્દગુંફન - ૭૧૯૮

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. ભાવાર્થ, મતલબ (૩)
૩. દરજ્જો, ઉપાધિ (૩)
૫. સાચું (૨)
૬. પહોંચ, પાવતી (૩)
૭. માથામાં નાખવાનું એક જાતનું તેલ(૩)
૯. ઝટ, એકદમ (૩)
૧૧. વાહન (૨)
૧૩. મુસાફરી (૨)
૧૪. ખાનદાન (૪)
૧૬. ચર્ચા, ઊહાપોહ (૪)
૧૮. પ્રખ્યાત, સુંદર (૨)
૧૯. લડાઈનું એક હથિયાર(૨)
૨૦. માવજત, સાચવણી (૩)
૨૨. ચેન ન પડવું તે (૪)
૨૫. દૃષ્ટિ, જોવુ તે (૩)
૨૭. તંતુ, દોર (૨)
૨૯. ભાઈ, વીરો (૨)
૩૦. યાદી, બિલ (૩)
૩૨. પરાક્રમી લડવૈયો (૪)
૩૩. મીઠું (૩)
૩૪. મોટેથી પાડેલી બૂમ (૨)

ઊભી ચાવી

૧ વીર યોદ્ધો (૩)
૨. કરાર, હોડ, બોલી (૩)
૩. પગપાળો પ્રવાસ (૪)
૪. ચંદ્રમા (૨)
૫.એક તેલી બી (૨)
૮. ઉપજ (૩)
૧૦. બચાવનાર (૩)
૧૨. ખાંસી (૨)
૧૩. દોસ્ત, આશક (૨)
૧૪. અમૃત, મીઠાશ (૨)
૧૫. બહાદુર, વીર પુરુષ (૩)
૧૬. ચાલાક (૩)
૧૭. ચાર રસ્તાનું ચકલું (૩)
૧૮. અણસમજુ (૩)
૨૦. નાણું (૨)
૨૧. ધ્યાન બહાર રહેલી ભૂલ (૫)
૨૩. તાકાત (૩)
૨૪. નુકસાન, ઠોકર(૨)
૨૬. સોના રૂપાના તાર ખેંચવાનું